અત્યંત જરૂરી/RTE હેઠળ પ્રવેશ/ફી માહિતી

જા.ન./પ્રાથમિક/RTE/પ્રવેશ/૨૦૨૬/ 2533

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.19 /૦૨/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત મહાનગરપાલિકા વિસ્તારની તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ.

વિષય :- RTE હેઠળ વર્ષ-૨૦૨૫-૨૬ માટે મફત પ્રવેશ આપેલ શાળાની ફી અને વિદ્યાર્થીઓની સહાય અંગેની માહિતી બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : પ્રાથમિક/RTE/પ્રવેશ/૨૦૨૬/૨૨૩૦-૩૨ તા.૧૧-૦૨-૨૦૨૬

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્રથી શાળામાં RTE હેઠળ વર્ષ-૨૦૨૫-૨૬માં RTE હેઠળ મફત પ્રવેશ આપેલ શાળાની ફી અને વિદ્યાર્થીઓની સહાય અંગેની માહિતી આપવા બાબતે કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં અમુક શાળાઓની માહિતી કેમ્પમાં મળેલ નથી જે ખૂબ જ ગંભીર બાબત છે જે શાળાઓએ માહિતી રજૂ કરેલ નથી તેઓએ **દિન-૦૨** માં કચેરીની પ્રાથમિક શાખામાં બિનચૂક રજૂ કરવાની રહેશે.સમયમર્યાદામાં દરખાસ્ત રજૂ કરવામાં નહિ આવે તો તેને ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહિ જેથી ફી બાબતે જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી શાળા સંચાલક મંડળ/આચાર્યની રહેશે તેમજ ત્યારબાદ કોઈ પણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેશો.

નોંધ :- RTE હેઠળ ચાલુ વર્ષે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અગાઉના કે ચાલુ વર્ષની ફી સહાય રૂ.૩૦૦૦/- જમા થયેલ હોય તો શાળાએ જે-તે વિદ્યાર્થી/વાલીની પાસબુકની ચકાસણી કરી જે વર્ષની સહાય જમા ન થયેલ હોય તેની વિગત કચેરીમાં તાત્કાલિક જમા કરાવવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો-સુરત.

નકલ રવાના :-

- શિક્ષણ નિરીક્ષકશ્રી અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી સદર કચેરી
- કન્વીનરશ્રી, એસ.વી.એસ. – ૧ થી ૯

/- આપના સંકુલમાં સમાવિષ્ટ શાળાઓને ઉપરોક્ત માહિતી તથા ફીની વિગતો નિયત કરેલ તારીખ, સમય અને સ્થળે બિનચૂક મોકલી આપવા જાણ કરવા અંગેની કાર્યવાહી કરવા સારૂ.